**અગ્રતા ક્રમ:** **૧૩**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/ ૧૨૧૨

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૦/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: "કચ્છ જિલ્લામાં માધ્યમિક શાળાઓ મંજૂર કરવા બાબત."**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર:શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા)**

# 13

## કચ્છ જિલ્લામાં માધ્યમિક શાળાઓ મંજુર કરવા બાબત

*15/4/1212: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં કેટલી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) **સરકારી શાળાઓ :** તા.૧૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં સરકારી શાળાઓ મંજૂર કરવામાં આવેલ નથી.<br>**ખાનગી (બિન અનુદાનિત) શાળાઓ:** તા.૧૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં ૦૧(એક) તથા અબડાસા તાલુકામાં ૦૧(એક) ખાનગી (બિન અનુદાનિત) શાળાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા ગામોમાં મંજૂર થયેલ છે, અને | (૨) ૦૨ ગામોમાં |
| (૩) મંજૂર થયેલ શાળાઓથી ગામોના કેટલા વિદ્યાર્થીઓને લાભ મળશે? | (૩) પાત્રતા ધરાવતાં હશે તેવા તમામ વિદ્યાર્થીઓને |

---

**૧૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૨૧૨**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા)**

---

**પ્રશ્ન–૧ : RMSA (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન)યોજના શું છે ? અને તેની સહાયમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો શું છે?**

**જવાબ :** RMSA (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન) કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. રાજ્યના અંતરીયાળ વિસ્તાર, આદિજાતી વિસ્તાર, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વિસ્તાર તેમજ એવા વિસ્તારો કે જ્યાં શાળા દૂર હોવાના કારણે કન્યા કેળવણી ઉપર વિપરીત અસર પડે છે એટલે કે જ્યાં શિક્ષણની જરૂરીયાત છે તેવા જરૂરીયાત વાળા વિસ્તારોમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં આવે છે.

- કેન્દ્ર પુરસ્કૃત યોજના હોઈ કેન્દ્ર સરકારનો **60 %**અને રાજ્ય સરકારનો **40 %** ફાળો હોય છે.
- જે માત્ર ધોરણ–૯ અને ૧૦ સુધી જ હોય છે .
- આવી RMSA શાળાઓમાં તબક્કાવાર ઉચ્ચતર માધ્યમિકના એટલે કે ધોરણ ૧૧ તથા ૧૨ના ક્રમિક વર્ગ વધારા વર્ષ ૨૦૧૧ થી સરકાર દ્વારા સંપૂર્ણ રીતે **સ્ટેટ બર્ડન** એટલે કે **રાજ્ય પુરસ્કૃત** રીતે ચાલુ કરવામાં આવે છે.

**૧૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૨૧૨**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી માલતીબેન મહેશ્વરી(ગાંધીધામ)**

---

**પ્રશ્ન–૨ :** **નવી સરકારી માધ્યમિક શાળા આપવા માટે સરકારશ્રી દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને આ ખર્ચ અન્વયે કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે?**

**જવાબ :** નવી સરકારી માધ્યમિક શાળા આપવા માટે રાજ્ય સરકારના સંપૂર્ણ બર્ડનથી શાળાદીઠ આશરે **રૂ.૩.૫૨ કરોડ** ખર્ચ કરવામાં આવે છે.
જેમાંથી,

- બાંધકામ માટે આશરે **રૂ.૩.૫ કરોડ ( ૪૧૨૪ ચો.ફૂટ બાંધકામ)** નો ખર્ચ કરવામાં આવે છે.
- ○ **આ મુજબની ભૌતિક સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવે છે .**
- વર્ગ ખંડ
- વૈકલ્પિક વિષય માટે વર્ગ ખંડ
- આચાર્ય ખંડ, સ્ટાફ રૂમ, કાર્યાલય
- પ્રયોગશાળા
- કમ્પ્યુટર પ્રયોગશાળા
- લાઈબ્રેરી
- વિદ્યાર્થીની રૂમ
- સ્ટાફ માટે, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ શૌચાલય સુવિધા
- વોટર રૂમ
- આમ, કુલ **૧૦** ઓરડાઓ અને કુમાર–કન્યાઓ તથા વિકલાંગો માટે અલાયદા શૌચાલય તથા વોટર રૂમ આપવામાં આવે છે.

**૧૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૨૧૨**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)**

**પ્રશ્ન–૩ :** **કચ્છ જિલ્લામાં કેટલી સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે અને તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે?**

**જવાબ :** કચ્છ જિલ્લામાં આવેલ **સરકારી** માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | સરકારી શાળાઓ | | | |
|---|---|---|---|---|---|
| | | માધ્યમિક શાળા | અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા | અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા |
| ૧ | અબડાસા | ૧૪ | ૧૦૭૮ | ૭ | ૩૧૮ |
| ૨ | અંજાર | ૨૩ | ૨૭૬૫ | ૧૧ | ૧૩૫૨ |
| ૩ | ભચાઉ | ૨૨ | ૧૯૦૩ | ૫ | ૪૪૨ |
| ૪ | ભુજ | ૩૫ | ૨૯૬૮ | ૧૫ | ૧૧૩૮ |
| ૫ | ગાંધીધામ | ૭ | ૧૧૫૨ | ૨ | ૧૦૮ |
| ૬ | લખપત | ૧૧ | ૬૨૨ | ૪ | ૭૯ |
| ૭ | માંડવી | ૧૫ | ૯૩૯ | ૫ | ૧૬૫ |
| ૮ | મુંદ્રા | ૧૩ | ૧૦૭૯ | ૭ | ૬૫૯ |
| ૯ | નખત્રાણા | ૧૫ | ૯૧૧ | ૨ | ૧૭૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧૦** | **રાપર** | ૨૩ | ૨૯૦૮ | ૧૦ | ૯૨૪ |
| **કુલ** | | **૧૭૮** | **૧૬૩૨૫** | **૬૮** | **૫૩૫૬** |

કચ્છ જિલ્લામાં આવેલ **ગ્રાન્ટેડ** માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ગ્રાન્ટેડ શાળાઓ** | | | |
|---|---|---|---|---|---|
| | | **માધ્યમિક શાળા** | **અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળા** | **અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા** |
| **૧** | **અબડાસા** | ૮ | ૯૭૫ | ૩ | ૧૧૫ |
| **૨** | **અંજાર** | ૩ | ૬૫૭ | ૩ | ૨૨૩ |
| **૩** | **ભચાઉ** | ૧૧ | ૨૯૮૬ | ૮ | ૧૫૬૭ |
| **૪** | **ભુજ** | ૮ | ૧૬૭૮ | ૬ | ૮૩૭ |
| **૫** | **ગાંધીધામ** | ૭ | ૧૫૮૧ | ૫ | ૮૮૫ |
| **૬** | **લખપત** | ૨૦ | ૪૯૩૮ | ૧૩ | ૨૬૦૯ |
| **૭** | **માંડવી** | ૧૮ | ૨૧૨૧ | ૯ | ૧૫૮૯ |
| **૮** | **મુંદ્રા** | ૮ | ૧૪૬૧ | ૨ | ૩૮૪ |
| **૯** | **નખત્રાણા** | ૯ | ૧૪૯૫ | ૩ | ૪૯૨ |
| **૧૦** | **રાપર** | ૩ | ૩૧૪ | ૨ | ૧૩૨ |
| **કુલ** | | **૯૫** | **૧૮૨૦૬** | **૫૪** | **૮૮૩૩** |

# <u>પુરક માહિતી</u>

**પ્રશ્ન–૧ : નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજુર કરવાની નીતિ શું છે?**

**જવાબ :** વર્ષ ૧૯૯૩ થી ગ્રાન્ટેડ શાળાઓ મંજુર કરવાની નીતિ બંધ થયેલ છે.

- તેમ છતાં અમારી સરકાર દ્વારા કેન્દ્રિય પુરસ્કૃત યોજના **RMSA** અંતર્ગત કેન્દ્ર સરકારના **60%** અને રાજ્ય સરકારનાં **40%** બર્ડનથી નવી શાળાઓ મંજુર કરવામાં આવે છે.
- વધુમાં જ્યાં **RMSA** યોજનાની શાળાઓ શરૂ ન થઈ શકે તેમ હોય તેવા વિસ્તારોમાં સંપૂર્ણ **State Burdenથી** નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજુર કરવામાં આવે છે, તેની નીતિ આ મુજબ છે.
- કેન્દ્ર સરકારે RMSA**(રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન)** યોજના હેઠળ વર્ષ ૨૦૦૯માં નવી સરકારી શાળા માટે નોર્મ્સ નક્કી કર્યા તે મુજબ જ રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓ પણ મંજુર થાય છે.

**<u>નોર્મ્સ</u>**

**(૧)** રોડ અંતરને ધ્યાને રાખી **૦૫ કિ.મી.**ની ત્રિજ્યામાં સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોય ત્યાં

- કેચમેંટ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ની વિદ્યાર્થી સંખ્યા **બિન આદિજાતી વિસ્તાર(ગ્રામ્ય)માં ૭૦ તથા S.C., S.T.અને E.B.B. (એજ્યુકેશનલ બેકવર્ડ બ્લોક)માં ૫૦** હોય તો.

**(૨) <u>શહેરી વિસ્તાર</u>**

- ૧૦,૦૦૦ની વસ્તીવાળા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ની **વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦** હોય તો.

**(૩) <u>ડુંગરાળ, વન–વિસ્તાર, અંતરિયાળ,નદી કે અન્ય ભૌતિક અવરોધ હોય તેવા વિસ્તારો</u>**

- રોડ અંતરને ધ્યાને **૦૩ કિ.મી.**ની ત્રિજ્યામાં અન્ય સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોય.
- કેચમેંટ વિસ્તારનાં **વિદ્યાર્થી સંખ્યા ૫૦** હોય તો.
- કચ્છ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ **૨૭૩** તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ **૧૨૨** આવેલી છે.
- જિલ્લાનો **એકપણ તાલુકો** એવો નથી કે જ્યાં ગ્રાન્ટેડ માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી ન હોય

**પ્રશ્ન–૨ : રાજ્યમાં કેટલી સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે અને તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે?**

**જવાબ :** રાજ્યમાં આવેલ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| સરકારી શાળાઓ | | | |
|---|---|---|---|
| માધ્યમિક શાળા | અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા | અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા |
| ૮૩૯ | ૫૨૫૯૧ | ૫૨૪ | ૯૬૯૧૯ |

Source : (Udise 2022-23)

| ગ્રાન્ટેડ શાળાઓ | | | |
|---|---|---|---|
| માધ્યમિક શાળા | અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા | અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા |
| ૧૮૧૨ | ૧૭૫૭૦૩ | ૩૨૨૯ | ૧૩૯૧૧૦૨ |

Source : (Udise 2022-23)

**પ્રશ્ન–૩ :** **કચ્છ જિલ્લામાં તા.૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ કેટલા સરકારી માધ્યમિક અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષકો છે?**

**જવાબ :** કચ્છ જિલ્લામાં તા.૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ કેટલા સરકારી માધ્યમિક અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની વિગત નીચે મુજબ છે.

**તા. ૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ**

**કચ્છ જિલ્લામાં તાલુકાવાર શિક્ષકોના મહેકમની વિગતો**

| ક્રમ | તાલુકો | **સરકારી માધ્યમિક** | | | | | **ગ્રાન્ટેડ માધ્યમિક** | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરાયેલ | | | ખાલી | મંજૂર | ભરાયેલ | | | ખાલી |
| | | | કાયમી ભરાયેલ (A) | જ્ઞાન સહાયકથી ભરાયેલ (B) | કુલ (A+B) | | | કાયમી ભરાયેલ (A) | જ્ઞાન સહાયકથી ભરાયેલ (B) | કુલ (A+B) | |
| 1 | અબડાસા | 46 | 10 | 9 | 19 | 27 | 32 | 16 | 8 | 24 | 8 |
| 2 | અંજાર | 101 | 57 | 23 | 80 | 21 | 19 | 18 | 1 | 19 | 0 |
| 3 | ભચાઉ | 77 | 31 | 19 | 50 | 27 | 42 | 35 | 2 | 37 | 5 |
| 4 | ભુજ | 121 | 84 | 23 | 107 | 14 | 125 | 101 | 12 | 113 | 12 |
| 5 | ગાંધીધામ | 34 | 27 | 5 | 32 | 2 | 68 | 55 | 5 | 60 | 8 |
| 6 | લખપત | 35 | 9 | 9 | 18 | 17 | 10 | 6 | 2 | 8 | 2 |
| 7 | માંડવી | 45 | 25 | 14 | 39 | 6 | 83 | 66 | 11 | 77 | 6 |
| 8 | મુંદરા | 46 | 22 | 14 | 36 | 10 | 39 | 24 | 8 | 32 | 7 |
| 9 | નખત્રાણા | 48 | 22 | 20 | 42 | 6 | 46 | 40 | 3 | 43 | 3 |
| 10 | રાપર | 87 | 35 | 14 | 49 | 38 | 41 | 18 | 11 | 29 | 12 |
| **કુલ** | | **640** | **322** | **150** | **472** | **168** | **505** | **379** | **63** | **442** | **63** |

**પ્રશ્ન–૪ : કચ્છ જિલ્લામાં તા.૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ કેટલા સરકારી ઉચ્ચતર માધ્યમિક અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો છે?**

**જવાબ :** કચ્છ જિલ્લામાં તા.૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ કેટલા સરકારી ઉચ્ચતર માધ્યમિક અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની વિગત નીચે મુજબ છે.

**તા. ૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ**

**કચ્છ જિલ્લામાં તાલુકાવાર શિક્ષકોના મહેકમની વિગતો**

| ક્રમ | તાલુકો | **સરકારી ઉચ્ચતર માધ્યમિક** | | | | | **ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક** | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરાયેલ | | | ખાલી | મંજૂર | ભરાયેલ | | | ખાલી |
| | | | કાયમી ભરાયેલ (A) | જ્ઞાન સહાયકથી ભરાયેલ (B) | કુલ (A+B) | | | કાયમી ભરાયેલ (A) | જ્ઞાન સહાયકથી ભરાયેલ (B) | કુલ (A+B) | |
| 1 | અબડાસા | 27 | 1 | 4 | 5 | 22 | 12 | 10 | 0 | 10 | 2 |
| 2 | અંજાર | 75 | 31 | 21 | 52 | 23 | 13 | 9 | 1 | 10 | 3 |
| 3 | ભચાઉ | 26 | 3 | 7 | 10 | 16 | 35 | 22 | 2 | 24 | 11 |
| 4 | ભુજ | 93 | 44 | 30 | 74 | 19 | 113 | 77 | 15 | 92 | 21 |
| 5 | ગાંધીધામ | 14 | 3 | 6 | 9 | 5 | 57 | 37 | 9 | 46 | 11 |
| 6 | લખપત | 15 | 1 | 1 | 2 | 13 | 9 | 2 | 2 | 4 | 5 |
| 7 | માંડવી | 20 | 8 | 4 | 12 | 8 | 65 | 45 | 8 | 53 | 12 |
| 8 | મુંદરા | 40 | 10 | 16 | 26 | 14 | 13 | 11 | 2 | 13 | 0 |
| 9 | નખત્રાણા | 17 | 2 | 8 | 10 | 7 | 34 | 25 | 5 | 30 | 4 |
| 10 | રાપર | 50 | 12 | 12 | 24 | 26 | 14 | 8 | 0 | 8 | 6 |
| **કુલ** | | **377** | **115** | **109** | **224** | **153** | **365** | **246** | **44** | **290** | **75** |

**પ્રશ્ન–૫ : બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી કયાં નિયમોના આધારે આપવામાં આવે છે?**

**જવાબ :** બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો–૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક: ૯ મુજબ આપવામાં આવે છે.

**પ્રશ્ન–૬ : બિન અનુદાનિત(નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી માટે હાલ કઇ પધ્ધતિથી અરજી સ્વીકારવામાં આવે છે?**

**જવાબ :** બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી  માટે હાલ ઓનલાઈન પધ્ધતિથી અરજી સ્વીકારવામાં આવે છે.

**પ્રશ્નઃ– ૭ બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે હાલની જોગવાઇ શું છે?**

**જવાબ :** બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે હાલની જોગવાઈ નીચે મુજબ છે.

- **<u>સૂચિત શાળા મકાનનો નકશોઃ</u>** ગ્રામ્ય વિસ્તારની શાળા માટે નકશો તાલુકા/જિલ્લાના ઈજનેર (અ.મ.ઈ. ના.કા.ઈ.) નો મંજુર કરાવેલ હોવો જોઈએ. નગરપાલિકા વિસ્તારની શાળા માટે નકશો ચીફ ઓફિસર અથવા જેને સત્તા પહોચે છે તે સત્તાધિકારીશ્રી પાસે મંજૂર કરાવેલ હોવો જોઈએ. મહાનગરપાલિકા વિસ્તારની શાળા માટે નકશો જે તે વિસ્તારની કચેરીના સક્ષમ સત્તાધિકારી પાસે મંજૂર કરાવેલ હોવો જોઈએ.
- **<u>સૂચિત શાળાના મકાન વપરાશનું પ્રમાણપત્ર)B.U.P.)</u>** : ગ્રામ્ય વિસ્તારની શાળા માટે મકાન વપરાશનું પ્રમાણપત્ર તાલુકા/જિલ્લાના ઈજનેર (અ.મ.ઈ. ના.કા.ઈ.) નું હોવું જોઈએ. નગરપાલિકા વિસ્તારની શાળા માટે મકાન વપરાશનું પ્રમાણપત્ર ચીફ ઓફિસર પાસેથી અથવા જેને સત્તા પહોચે છે તે સત્તાધિકારીશ્રી

પાસેથી મેળવેલ હોવું જોઈએ. મહાનગર પાલિકા વિસ્તારની શાળા માટે મકાન વપરાશનું પ્રમાણપત્ર જે તે વિસ્તારની કચેરીના સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ હોવું જોઈએ. મકાન વપરાશના પ્રમાણપત્રની જગ્યાએ “બાંધકામ પરવાનગી”અથવા “વિકાસ પરવાનગી” માટે આપવામાં આવેલ પ્રમાણપત્ર અથવા દાખલો મંજૂરી માટે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

- શાળાના મકાનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી માટેનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર પાસેથી અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી આ સાથેના નમુના મુજબનું મેળવેલ હોવું જોઈએ.
- **ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ–૧૯૭૪નાં વિનિયમ–૯(૧૩)(૪)ની જોગવાઈ મુજબ શાળાના રમત–ગમતનાં મેદાનની સુવિધા ઉપલબ્ધ કરવા અંગે :**
  - નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં {નગર પાલિકા, મહાનગર પાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તામંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઈડ એરીયા, વગેરે જેવો શહેરી વિસ્તાર} શરૂ કરવા માંગતા હોય તો શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત–ગમતના મેદાન માટે ભાડેથી મેદાન લેવાની જોગવાઈ કરવામાં આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઈએ. ભાડા પટ્ટો ૧૫ વર્ષનો હોવો જોઈએ.
  - શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ/મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માજીનની જમીન બાદ કર્યા બાદ, રમત–ગમતનું મેદાન લઘુત્તમ ૮૦૦ ચો.મી. રાખવાનું રહેશે અને ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત વિસ્તાર) માટે શાળાના રમત–ગમતનું મેદાન ૧૫૦૦ ચો.મી. નું રાખવાનું રહેશે.
  - ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઈએ. ગામ દફ્તર નમુના નં.૬ / સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલકતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઈએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને એન્ટ્રીમાં

પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલકતના હકમાં કોઈપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે.

- ○ ચેરીટી કમિશ્નરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમ્યાન મેદાનનો કોઈપણ અન્ય ઉપયોગ ન થવો જોઈએ અને ઉક્ત તમામ બાબતનો અરજદાર ટ્રસ્ટ દ્વારા રજુ થતી એફીડેવીટમાં સમાવેશ થયેલ હોવો જોઈએ.
- ○ ભાડા કરારની મુદત દરમ્યાન જો કોઈ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી તે બાબતનો પણ એફીડેવીટમાં સમાવેશ થવો જોઈએ.
- ○ કોઈ પબ્લીક લિમિટેડ કંપની કે પ્રાઈવેટ લિમિટેડ કંપની માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જ કામગીરી કરવા માગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં પરવાનગી આપવી.
- ○ મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટના પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવનાં પગલાં લઈ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઈપણ સ્કુલ ચલાવી શકાશે નહી.

- ➢ ઉપર દર્શાવેલ રમત–ગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત–ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઈશે.
- ➢ મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિ. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.
- ➢ શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર:–૮.૬માં પાર્કીંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે.

- શાળા–મકાનનું બાંધકામ થયેલ છે તે તમામ જમીન અને શાળાના મેદાન માટે દર્શાવેલ જમીન જે હેતુ માટે મકાનનો ઉપયોગ કરવાનો છે તે હેતુ માટે "બિન–ખેતી" થયેલ હોવી જોઈએ. શાળાનાં મકાન અને મેદાન માટે દર્શાવેલ જમીનમાં કોઈ પણ પ્રકારનો વાદ–વિવાદ કે કોર્ટ કેસ થયેલ હોવો જોઈએ નહિ.
- શાળા મકાનના આગળની બાજુનો ફોટો મકાનની પછળની બાજુનો ફોટો, મકાનની ડાબી બાજુનો ફોટો, મકાનની જમણી બાજુનો ફોટો તથા શાળાના આખા મકાનને આવરી લેતો મેઈન ગેટ કમ્પાઉન્ડ વોલ સાથેના ફોટા તાજેતરના હોવા જોઈશે.
- શાળામાં કુમારો માટે ઓછામાં ઓછી ૨(બે) મુતરડી, અને ઓછામાં ઓછા ૨ (બે) સંડાસ તથા કન્યાઓ માટે ઓછામાં ઓછી ૨(બે) મુતરડી અને ઓછામાં ઓછા ૨(બે) સંડાસની વ્યવસ્થા કરેલ હોવી જોઈશે. પીવાના પાણી માટે પાણીનો બોર/ પીવાના પાણીના નળની વ્યવસ્થા કરેલ હોવી જોઈશે. વોટરરૂમમાં ઓછામાં ઓછા ૫(પાંચ) નળ પીવાના પાણી માટે રાખેલ હોવા જોઈશે. વિદ્યાર્થી સંખ્યાના આધારે આ સુવિધામાં વધારો કરવાનો રહેશે.

**પ્રશ્ન–૮ : રાજ્યમાં ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ક્યા ધારા–ધોરણ મુજબ મંજૂર કરવામાં આવે છે?**

**જવાબ :**

- રાજ્યમાં ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આ મુજબના ધારા–ધોરણ મુજબ મંજૂર કરવામાં આવે છે.
- દરેક શૈક્ષણિક વર્ષમાં અગાઉના વર્ષના ૩૧ ઓગસ્ટ પહેલા નિયત નમૂનામાં માધ્યમિક શિક્ષણ બોર્ડને જે તે વર્ષમાં વર્ગ મંજૂરી માટે અરજી કરવાની રહે છે.
- માધ્યમિક શિક્ષણ બોર્ડજિલ્લા શિક્ષણાધિકારી અને કારોબારી સમિતિ દ્વારા ચકાસણી થયા બાદ ફેબ્રુઆરી મહિનાની ૨૮ તારીખ સુધીમાં આવી તમામ અરજીઓનો નિર્ણય કરે છે.
- શાળા કે વર્ગ મંજૂર કરતી વખતે શાળાની ભૈતિક સુવિધા, નિયત નિયમ મુજબનું રમત–ગમતનું મેદાન, ફર્નિચર , પ્રયોગશાળા, ગ્રંથાલય , આરોગ્ય વર્ધક સુવિધાઓ, વિનિયમ હેઠળ ઠરાવેલી લાયકાતવાળો સ્ટાફ વગેરે ધ્યાને લેવામાં આવે છે.
- શાળાનું સંચાલન કાર્યક્ષમ અને વિશ્વાસપાત્ર સંચાલક મંડળના હસ્તક છે, તેમજ શાળામાં સરકારે મંજૂર કરેલો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો વપરાય છે તેની ખાતરી કરવામાં આવે છે.

**પ્રશ્ન–૯ : બિન અનુદાનિત (નૉન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે અગાઉની જોગવાઈમાં શું ફેરફાર કરવામાં આવ્યો?**

**જવાબ :** શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત–ગમતના મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં ઓછી ૮૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઈશે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત) માટે શાળાના મકાન બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત–ગમતના મેદાન માટે ઓછામાં ઓછી ૧૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઈશે. રમત ગમતના મેદાન માટેની જમીન શાળા મંડળની માલિકીની હોવી જોઈએ અને શાળાના મકાનની સાથે (સંલગ્ન) એકજ કેમ્પસમાં હોવી જોઈએ.

**પ્રશ્ન–૧૦ : બિન અનુદાનિત  (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી બોર્ડ દ્વારા નકારવામાં આવે તો શાળા મંડળ અપીલ કરી શકે ? કોને ? કેટલી ફી છે ? સમય મર્યાદા શું છે ?**

**જવાબ :**

- બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી બોર્ડ દ્વારા નકારવામાં આવે તો શાળા મંડળ અપીલ કરી શકે છે.
- બિન અનુદાનિત  માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી બોર્ડ દ્વારા નકારવામાં આવે તો શાળા મંડળ શિક્ષણ વિભાગમાં અપીલ કરી શકે છે.
- બિન અનુદાનિત  માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી બોર્ડ દ્વારા નકારવામાં આવે તો શાળા મંડળ અપીલ દાખલ કરવા માટેની ફી રૂ.૧૦૦૦/– છે.
- બિન અનુદાનિત  માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી બોર્ડ દ્વારા નકારવામાં આવે તો શાળા મંડળ ૩૦ દિવસમાં અપીલ દાખલ કરી શકે છે.

**પ્રશ્ન–૧૧ : બિનઅનુદાનિત(નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માન્યતા સિવાય કોઈ મંડળ દ્વારા ચલાવવામાં આવે તો શી કાર્યવાહી કરવામાં આવે છે? જોગવાઈ શું છે?**

**જવાબ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૩૧ મુજબ  ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા મેળવવા માગતી શાળાઓએ બોર્ડની માન્યતા સિવાય શિક્ષણ આપી ન શકે. એટલે કે અમાન્ય શાળા દ્વારા શિક્ષણ આપી ન શકાય. માન્યતા વગરની શાળા આવી કામગીરી કરે તો તેવી શાળા / વ્યક્તિ સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૪૨ અનુસાર રૂપિયા એક લાખથી રૂપિયા બે લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

**પ્રશ્ન–૧૨ : બિન અનુદાનિત(નોન ગ્રાન્ટેડ) નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અરજી નામંજૂર કરવાના કારણો મુખ્યત્વે કયા હોય છે?**

**જવાબ :**

- શાળા મકાન અને રમત ગમતના મેદાનની જમીન બિનખેતી (N.A.) થયેલ ન હોય.
- શાળા મકાન અને મેદાનની જમીનના માલિકીના આધારોમાં વિસંગતતા હોય.
- શાળા મંડળનું નોંધણી અંગેનું પ્રમાણપત્ર રજુ થયેલ ન હોય.
- શાળા મંડળ દ્વારા શાળા મકાનના ઉપયોગનું/વપરાશનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા રજુ કરેલ ન હોય. (B.U.P.)
- શાળા મકાનની ભૌતિક સુવિધાઓ અપૂરતી હોય.
- શાળા મંડળ પાસે સરકારે ઠરાવેલ જોગવાઈ મુજબનું માપવાળું રમત–ગમતનું મેદાન ઉપલબ્ધ ન હોય.
- શાળા મકાનનો નકશો સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂર કરેલ રજૂ કરેલ ન હોય.
- શાળા મકાન કોર્મશિયલ કોમ્પ્લેક્ષમાં હોય

**પ્રશ્ન–૧૩ : કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી નોન–ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે?**

**જવાબ :** કચ્છ જિલ્લામાં તાલુકાવાર મુજબ નોન–ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે.

| ક્રમ | તાલુકા | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અબડાસા | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૨ | અંજાર | ૨૪ | ૧૪ | ૩૮ |
| ૩ | ભચાઉ | ૧૫ | ૧૦ | ૨૫ |
| ૪ | ભુજ | ૪૪ | ૩૩ | ૭૭ |
| ૫ | ગાંધીધામ | ૩૫ | ૩૧ | ૬૬ |
| ૬ | લખપત | ૦૪ | ૦૧ | ૦૫ |
| ૭ | માંડવી | ૧૮ | ૧૬ | ૩૪ |
| ૮ | મુંદ્રા | ૧૧ | ૦૮ | ૧૯ |
| ૯ | નખત્રાણા | ૧૦ | ૦૯ | ૧૯ |
| ૧૦ | રાપર | ૦૪ | ૦૨ | ૦૬ |
| કુલ | | ૧૬૮ | ૧૨૬ | ૨૯૪ |

**પ્રશ્ન–૧૪ : કચ્છ જિલ્લામાં કેટલી નોન ગ્રાન્ટેડ સામાન્ય પ્રવાહની અને વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આવેલી છે?**

**જવાબ :**

- કચ્છ જિલ્લામાં ૧૧૬ નોન ગ્રાન્ટેડ સામાન્ય પ્રવાહની શાળાઓ આવેલી છે.
- કચ્છ જિલ્લામાં ૩૧ નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આવેલી છે.

**પ્રશ્ન–૧૫ : છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની વર્ગ વધારાની દરખાસ્ત મળેલ છે ? તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે?**

**જવાબ :** છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આ મુજબ નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની વર્ગ વધારાની દરખાસ્ત મળેલ છે અને મંજૂર થયેલ છે.

**વર્ષ ૨૦૨૨**

| **માધ્યમિક શાળા** | | **ઉચ્ચતર માધ્યમિક શાળા** | |
|---|---|---|---|
| મળેલ વર્ગ વધારાની દરખાસ્ત | મંજૂર વર્ગ વધારાની દરખાસ્ત | મળેલ વર્ગ વધારાની દરખાસ્ત | મંજૂર વર્ગ વધારાની દરખાસ્ત |
| ૦૪ | ૦૩ | ૦૫ | ૦૫ |

**વર્ષ ૨૦૨૩**

| **માધ્યમિક શાળા** | | **ઉચ્ચતર માધ્યમિક શાળા** | |
|---|---|---|---|
| મળેલ વર્ગ વધારાની દરખાસ્ત | મંજૂર વર્ગ વધારાની દરખાસ્ત | મળેલ વર્ગ વધારાની દરખાસ્ત | મંજૂર વર્ગ વધારાની દરખાસ્ત |
| ૦૬ | ૦૬ | ૦૬ | ૦૬ |

# **અન્ય પૂરક માહિતી**

- **નવી સરકારી શાળા શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૪ ૨૫ના વર્ષમાં બજેટ જોગવાઈમાં–સુચવેલ દરખાસ્તો નીચે મુજબ છે.**

| **ક્રમ** | **તાલુકા** | **વર્ષ ૨૦૨૪–૨૫ની બજેટ જોગવાઈ માટે સુચવેલ નવી સરકારી શાળા શરૂ કરવા માટે દરખાસ્તો** |
|---|---|---|
| ૧ | અબડાસા | ૦૪ |
| ૨ | અંજાર | ૦૨ |
| ૩ | ભચાઉ | ૦૪ |
| ૪ | ભુજ | ૦૨ |
| ૫ | ગાંધીધામ | ૦૦ |
| ૬ | લખપત | ૦૨ |
| ૭ | માંડવી | ૦૨ |
| ૮ | મુંદ્રા | ૦૨ |
| ૯ | નખત્રાણા | ૦૧ |
| ૧૦ | રાપર | ૦૩ |
| કુલ | | ૨૨ |

**કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪મા નવી સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા માટે તાલુકા વાઇઝ મળેલ દરખાસ્તો નીચે મુજબ છે.**

| **ક્રમ** | **તાલુકા** | **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | અબડાસા | ૦૦ | ૦૩ | ૦૩ |
| ૨ | અંજાર | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૩ | ભચાઉ | ૦૦ | ૦૩ | ૦૩ |
| ૪ | ભુજ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૫ | ગાંધીધામ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | લખપત | ૦૨ | ૦૨ | ૦૪ |
| ૭ | માંડવી | ૦૦ | ૦૫ | ૦૫ |
| ૮ | મુંદ્રા | ૦૦ | ૦૫ | ૦૫ |
| ૯ | નખત્રાણા | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૦ | રાપર | ૦૦ | ૦૩ | ૦૩ |
| **કુલ** | | **૦૭** | **૨૨** | **૨૯** |

- **રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં નવી સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા માટે મળેલ દરખાસ્તો નીચે મુજબ છે.**

| **ક્રમ** | **કુલ દરખાસ્ત** |
|---|---|
| ૧ | ૪૪૭ |

- **રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં નવી સરકારી માધ્યમિક શાળા નીચે મુજબ શરૂ કરવામાં આવી છે.**

| વર્ષ | મંજૂર થયેલ સરકારી માધ્યમિક શાળાઓની વિગત | | |
|---|---|---|---|
| | બિન આદિજાતિ | આદિજાતિ | કુલ |
| **2018-19** | 86 | 17 | 103 |
| **2019-20** | 60 | 12 | 72 |
| **2020-21** | 2 | 0 | 2 |
| **2021-22** | 4 | 0 | 4 |
| **2022-23** | 0 | 0 | 0 |
| **2023-24** | 0 | 0 | 0 |

અગ્રતા ક્રમઃ(૧૩)

(૧) શ્રી માલતીબેન મહેશ્વરી(ગાંધીધામ)

(૨) શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)